# <u>અમદાવાદ (ગ્રામ્ય) ના આઠમા એડી.ચીફ. જ્યુ. મેજી.શ્રી ની કોર્ટમાં</u>

સત્યમેવ જયતે

## <u>આંક–૧ નીચે હુકમ</u>

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકિકત એવી છે કે ચાર્જશીટમાં જણાવેલ તારીખે, સમયે અને સ્થળે આરોપીએ પોતાના હવાલા વાળુ વાહન /લારી/ પથારો જાહેર રોડ ઉપર ટ્રાફીકને અડચણરૂપ રાખી ગુન્હો કરેલ હોય, આરોપી વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ ૨૮૩ એટલે કે બી.એન.એસ.એસ.ની કલમ–૨૮૫ વિગેરે મુજબના શિક્ષાપાત્ર ગુન્હાની ફરિયાદ નોંધી, સાહેદોના નિવેદનો નોંધી, ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ કરી, આરોપીની અટક કરી અને તપાસ પૂર્ણ કરી આ અદાલતમાં ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ ૨૮૩ એટલે કે બી.એન.એસ.એસ.ની કલમ–૨૮૫ વિગેરે મુજબના ગુન્હા અંગેનું ચાર્જશીટ રજૂ કરેલ છે.

(૨) આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ (સંહિતા) ની કલમ-૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડવામાં આવી. તેઓએ જણાવેલ છે કે તેઓ ગરીબ વર્ગના માણસ છે જેથી તેઓને ઓછામાં ઓછો દંડ કરી ગુન્હામાંથી મુક્ત કરવા અરજ છે. સદર ગુન્હા સંબંધેની આરોપીની પ્લી નોંધવામાં આવેલ છે જેમાં પણ આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે.

(૩) આ કેસની હકીકતોને લક્ષમાં લેતા તેમજ આરોપીએ રજૂ કરેલ કબુલાત પુરશીષ, આરોપીની આર્થિક અને સામાજિક સ્થિતિ તથા સદર આરોપીએ કરેલ ગુન્હો અને તે ગુન્હામાં કરવામાં આવેલ સજાની જોગવાઇઓ, વગેરે પરિબળો ધ્યાને લેતાં, આરોપીને જો એક સુધરવાની તક આપવામાં આવશે અને તેને યોગ્ય દંડ કરવામાં આવશે તો ન્યાયનો હેતું જળવાશે તેમ માની નીચે મુજબનો હુકમ કરવામાં આવે છેઃ

## <u>હુકમ</u>

આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ની કલમ–૨૫૨ એટલે કે બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૫ વિગેરે અન્વયે ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ની કલમ–૨૮૩ એટલે કે બી.એન.એસ.એસ.ની કલમ–૨૮૫ મુજબનાં ગુન્હામાં તકસીરવાન ઠરાવી આરોપી દીઠ રૂા.૧૦૦/– એમ રૂા.૧૦૦× ૧ આરોપી = કુલ રૂપિયા એકસો રૂપીયા પુરા) નો દંડ કરવામાં આવે છે. જો, જે આરોપી દંડ ન ભરે તો, તેઓએ બે દિવસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે. આરોપીઓ ના જામીન ખત અને જાત મુચરકો રદ કરવામાં આવે છે.

આજ તારીખ–૧૨–મી, માહે–જુલાઈ, સને–૨૦૨૫ ના રોજ નેશનલ લોક અદાલતમાં સ્પેશીયલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૨–૦૭–૨૦૨૫<br>
મુ.અમદાવાદ.

(ડી.એમ. બાવીશી)<br>
આઠમા એડી.ચીફ.જ્યુડી. મેજી.<br>
અમદાવાદ(રૂરલ), નવરંગપુરા.<br>
યુ.આઈ.સી.નં. જી જે૦૧૩૮૦

જી.એસ. મકવાણા